દાખલ તારીખ :– ૨૧/૦૫/૨૦૧૮.
રજીસ્ટર તારીખ :– ૨૧/૦૫/૨૦૧૮.
ફેસલ તારીખ :–૩૦/૦૬/૨૦૨૬.
અવધિ : વર્ષ ૦૮, માસ ૦૧, દિવસ ૦૯

==

મહે. અંકલેશ્વરનાં ત્રીજા એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું. અંકલેશ્વર

==

ફોજદારી કેસ નંબર : ૯૭૮/૨૦૧૮

આંક :

ફરીયાદી :– પ્રવિણચંદ્ર ડી. લાલન
ઓ : વેપાર, પ્લોટ નં. ૧૭૮, જી.આઇ.ડી.સી. તા. અંકલેશ્વર,

<u>વિરૂધ્ધ</u>

આરોપી :– શ્યામલાલ રામપાલ બોરીયા
રહે : (૧) પટેલપાર્ક, ભડકોદરા, તા. અંકલેશ્વર જી.ભરૂચ.
(૨) પ્લોટ નં. ૨૫૧, સિધ્ધી એન્ટરપ્રાઈઝ, જીઆઈડીસી.અંકલેશ્વર

<u>ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ : ૧૩૮ મુજબ.</u>

ફરીયાદી તરફે વિ.વકીલશ્રી એમ.આર.ભગત
આરોપી તરફે વિ.વકીલશ્રી એફ.એમ.કુરેશી

––:: ચુકાદો ::–

(૧) **ફરીયાદપક્ષની હકીકત** : – સદર કેસના ફરીયાદીની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી ઉપરોકત સરનામે રહે છે અને આરોપી પણ ઉપરોકત સરનામે જ રહે છે જેથી તેઓ એકબીજાના મીત્ર થાય છે અને ૨૦ વર્ષો ઉપરાંતથી સારા સંબંધો ધરાવે છે. આ કામના આરોપીને

ધંધાના કામ માટે નાણાની જરૂરીયાત ઉભી થતા તેઓએ ફરીયાદી પાસે નાણાની માંગણી કરેલ જેથી ફરીયાદીએ છુટક છુટક રૂા.૧૨,૦૦,૦૦૦/- તેઓની બચતમાથી આરોપીને હાથ ઉછીના આપેલા અને ત્યારબાદ આરોપી નીચત સમયમા લેણી રકમ ફરીયાદીને પરત ન કરતા ફરીયાદીએ તે રકમની ઉઘરાણી આરોપી પાસે કરેલી અને આરોપીએ લેણી રકમ ચુકવવા માટે તા. ૨૮/૦૬/ ૧૭ ના રોજનો રૂા. ૧૨,૦૦,૦૦૦/- નો નવસર્જન ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ. બેન્કની શાખાનો ચેક નં. ૧૦૦૫૦૫ નો લખી ફરીયાદીને આપેલ અને તે સમયે આરોપીએ ફરીયાદીને ભરોસો અને વિશ્વાસ આપેલ કે સદર ચેકના પૈસા વસુલ લેવા માટે બેંકમા રજુ કરતા ફરીયાદીને તેઓની લેણી રકમ પરત મળી જશે. જેથી ફરીયાદીએ સદર ચેક વસુલાત માટે રજુ કરતા તે ચેક તા. ૦૪/૦૭/૧૭ ના રોજ રીર્ટન મેમાના શેરાથી પરત ફરેલો. જેથી ફરીયાદીએ તેઓના વકીલશ્રી મારફતે તારીખ ૦૩/૦૮/૧૭ ના રોજ આરોપીને નેગો કલમ ૧૩૮ મુજબની નોટીસ આપેલ. જે નોટીસ આરોપીને તારીખ ૧ ૪/૦૮/૧૭ ના રોજ બજી ગયા બાદ ખોટો અને ઉડાઉ જવાબ આપેલ છે. નોટીસ બજી ગયા બાદ દિન ૧૫ મા આરોપીએ ચેકની રકમ ચુકવી આપેલ નહી હોવાથી ફરીયાદીએ હાલની ફરીયાદ નેગો કલમ ૧૩૮ મુજબ અત્રેની કોર્ટમા દાખલ કરેલ છે.

(૨) **<u>અદાલતી કાર્યવાહી</u> –** સદર ખાનગી ફરીયાદ દાખલ થયા બાદ ફરીયાદીની ઉપરોકત ફરીયાદ, વેરીફીકેશન તથા રજૂ કરવામાં આવેલા દસ્તાવેજી પૂરાવાઓના આધારે હાલની ફરીયાદ અંગે સંજ્ઞાન લઈ, મજકૂર આરોપી સામે ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ-૨૦૪ અન્વયે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ હેઠળ

શિક્ષાપાત્ર ગુના માટે પ્રોસેસનો હુકમ કરવામાં આવેલ. મજકૂર આરોપીને ધોરણસર સમન્સની બજવણી થતાં આરોપી નામદાર કોર્ટમાં તેમના વિ.વકીલશ્રી સાથે હાજર રહેલ અને ત્યારબાદ, ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ ૨૦૭ મુજબ આરોપીને ફરીયાદપક્ષના તમામ દસ્તાવેજોની નકલ વિનામુલ્યે પુરી પાડવામાં આવેલ છે. દસ્તાવેજોની તમામ નકલ મળી ગયા અંગેની ખાતરી કર્યા બાદ આરોપીને તેમની સામેના ગુનાની સમજ આપી ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ ૨૫૧ મુજબ આરોપીનું ગુના સંબંધમાં નિવેદન (પ્લી) આંક : ૬ થી લેવા માં આવતાં, આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ. જેથી, કેસ આગળ ચલાવવામાં આવેલ અને કેસની ઈન્સાફી કાર્યવાહી ફરીયાદપક્ષના પુરાવા ઉપર મુલત્વી રાખવામાં આવેલ.

(૩) સદર કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે.

–:: મૌખિક પુરાવો ::–

ક્રમ નંબર	સાહેદનું નામ અને વિગત	આંક
૧	ફરીયાદી – પ્રવિણચંદ્ર ડી.લાલનની સોગંદ ઉપરની જુબાની	૦૪
૨	ઉત્પલ દિલીપભાઈ મોદીની સોગંદ ઉપરની જુબાની	૨૨

–:: દસ્તાવેજી પુરાવો ::–

ક્રમ નંબર	દસ્તાવેજની વિગત	આંક
૧	અસલ ચેક નં. ૧૦૦૫૦૫	૧૦

૨	બેંકમા ચેક કલીંયરીંગ માટે આપેલ તે બેંકની અસલ રસીદ	૧૧
૩	રીર્ટન મેમો	૧૨
૪	નોટીસની સ્થળપ્રત	૧૩
૫	પોષ્ટની અસલ રસીદ	૧૪
૬	અસલ એકનોલોજમેન્ટ	૧૫
૭	નોટીસના જવાબની ઝેરોક્ષ કોપી	૧૬
૮	હિસાબી નોંધની કોમ્પ્યુટર કોપી	૧૭

આમ, ઉપર મુજબના દસ્તાવેજી પુરાવાઓ ફરીયાદપક્ષ તરફે રજુ થતા આ સિવાય ફરીયાદપક્ષ અન્ય કોઈ વધુ પુરાવાઓ રજુ કરવા માંગતા ન હોય આંક–૨૩ થી કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે.

ત્યારબાદ ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ છે. તેમા તેઓએ ફરીયાદપક્ષની તમામ હકીકતોને નકારી કાઢેલ છે અને વિશેષમા જણાવેલ છે કે, '' હાલનો તદન ખોટો કેસ અમો વિરુઘ્ઘ કરવામા આવેલ છે. '' અમોના જુના ચેકનો દુરપયોગ કરી ખોટી ફરીયાદ કરેલ છે. તેમજ તેઓ પોતાના બચાવમાં સાહેદો તપાસવા માંગતા હોય જુબાની આપવા માંગતા હોય સદર કામ આરોપીના પુરાવા ઉપર રાખવામાં આવે છે.

(૪) સદર કામે આરોપીપક્ષે નીચે મુજબના મૌખિક પુરાવા રજૂ કરેલ છે.

ક્રમ નંબર	**સાહેદનું નામ અને વિગત**	**આંક**
૧	આરોપી– શ્યામલાલ રામપાલ ગોરીયાની સોગંદ	૨૯

	ઉપરની જુબાની	

દસ્તાવેજી પુરાવાઓ

ક્રમ નંબર	વિગત	આંક
૧	આરોપીના બેંક એકાઉન્ટ નંબર ૩૩૪૧ના ગત તા. ૧/૪/૧૨થી ૩૧/૩/૧૫ સુધીનુ અસલ બેંક સ્ટેટમેન્ટની નકલ (છ પેજ)	૮૦
૨	આરોપીના બેંક એકાઉન્ટ નંબર ૩૩૪૧ના ગત તા. ૧/૪/૧૫ થી ૨૬/૯/૧૯ સુધીનુ અસલ બેંક સ્ટેટમેન્ટની નકલ (બે પેજ)	૮૧
૩	આરોપીના બેંક એકાઉન્ટ નંબર ૩૩૪૧ની ચેકબુક નંબર–૧૦૦૫૦૧થી ૧૦૦૫૨૫ના ચેકબુકના રેકોર્ડ સ્લીપની નકલ	૮૨
૪	આરોપીએ અજય એન્ટરપ્રાઈઝની જગ્યાએ ગત તા. ૧૬/૩/૧૬થી ભાગીદારી પેઢીના દસ્તાવેજની નકલ	૮૩
૫	ફરીયાદની રીસીવ કોપીની નકલ	૮૪
૬	આરોપીએ ફરીયાદી વિરુદધ અંકલેશ્વર જીઆઈડીસી પો.સ્ટેમા ફરીયાદ આપેલએ ફરીયાદની એક નકલ ડીએસપી કચેરીમાં આપેલ તે રીસીવ કોપીની નકલ	૮૫

આ સિવાય બચાવપક્ષનો કોઈ લેખીત કે મૌખિક પુરાવો નથી જેથી સદર કામ બંન્ને પક્ષે આખરી દલીલ માટે મુલવતી રાખવામાં આવેલ છે.

(૫) દલીલો :–

(૫.૧) ફરીયાદપક્ષ તરફે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામા આવેલ છે તેમજ ફરીયાદપક્ષ તરફે આંક–૮૯ થી રજુ થયેલ લેખીત દલીલો વંચાણે લીધી.

(૫.૨) બચાવપક્ષ તરફે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામા આવેલ છે તેમજ બચાવપક્ષ તરફે આંક–૬૧ થી રજુ થયેલ લેખીત દલીલો વંચાણે લીધી. તેમજ પોતાની દલીલોના સમર્થનમા નીચે મુજબના નામ. સુપ્રિમ કોર્ટ તથા નામ. હાઈકોર્ટના ચુકાદા રજુ કરેલ છે જે માન સહ વંચાણે લેવામાં આવેલ છે.

- Criminal Appeal No. 1978 of 2013 with Criminal Appeal Nos. 1990,10500,10501 of 2013, Rajaram Sriramilu Naidu (Since Deceased) Through L.Rs. V. Maruthachalam (Since Deceased) Through L.Rs. (Supreme Court)

- Criminal Misc. Application No. 1224 of 2012, Nileshkumar Ashwinbhai Joshi Vs. State of Gujarat and Anr. (Gujarat High court)

- Criminal Appeal No. 1118 of 2009 with Criminal Appeal No. 1119 of 2009 To Criminal Appeal No. 1140 of 2009, Sureshchandra Chandrashankar Joshi Vs. State of Gujarat & 1, (Gujarat High court)

(૬) હાલની ફરીયાદના કામે રજૂ થયેલ પુરાવો અને લેખિત–મૌખિક રજૂઆતો ઘ્યાને લેતાં કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

–:: મુદ્દા :: –

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ફરીયાદીને કાયદેસરનાં લેણાં પેટે રૂા.૧૨,૦૦,૦૦૦/– (અંકે બાર લાખ પુરા) નો નવસર્જન ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ. બેંક લી. શાખાનો ચેક નંબર : ૧૦૦૫૦૫, તા.૨૮/૦૬/૧૭ નો આપેલો અને તે ચેક ફરીયાદીએ પોતાના ખાતાવાળી ધી કાલુપુર કોર્મશીયલ કો.ઓ.બેંક લી. અંકલેશ્વર માં રજૂ કરતાં સદર ચેક રીર્ટનના એકાઉન્ટ કલોઝના શેરા સાથે સ્વીકાર્યા વગર પરત આવેલો અને સદર તકરારી ચેક મુજબનાં નાણાં વસુલાતની માંગણા નોટીસ આપ્યા છતાં આરોપીએ ફરીયાદીને તકરારી ચેક મુજબની રકમ નહી ચુકવી આપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળ શિક્ષાપાત્ર ગુનો કર્યો છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ અનુસંધાને નામદાર કોર્ટના ન્યાયિક નિર્ણય નીચે મુજબ છે.

૧. ''નકારમાં''

૨. આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત નિર્ણયો પરત્વે મારા કારણો નીચે મુજબ છે.

<u>–:: કારણો ::–</u>

<u>મુદ્દા નં.૧ :–</u>

(૯) ધી નેગોશિયબેલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના પ્રકરણ–૧૭ એકાઉન્ટ કલોઝના કારણે ચેકની અસ્વીકૃતિ દંડ સજા ''માંની કલમ–૧૩૮, કલમ–૧૪૨ તથા કલમ–૧૪૬ સાથે વંચાણે લેતા કલમ–૧૩૮ મા ખાતામા અપુરતા ભંડોળના કારણે ચેકનો અસ્વિકાર, કલમ–૧૪૨ માં ગુનાઓનુ કોગ્નીઝન્સ લેવા બાબત તથા કલમ–૧૪૬ માં

બેંક સ્લીપની કેટલીક હકીકતો અંગેનુ પ્રથમ દર્શનીય પુરાવો હોવા બાબતની સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ છે. આમ, સદર કેસ મુજબનો આક્ષેપીત ગુન્હો સાબીત કરવા માટેના આવશ્યક તત્વો નીચે મુજબ છે.

–:: આવશ્યક તત્વો ::–

૧. આરોપીએ પોતાના દ્રારા નિભાવવામાં આવતાં ખાતામાંથી નાણાં ચુકવવા ફરીયાદીને ચેક આપેલ.

૨. આરોપીએ ફરીયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશત: કાયદેસરનું દેવું અથવા જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

૩. ચેક જે તારીખે લખેલ હતો તે તારીખથી ચેકની નિયત સમય મર્યાદામાં રજૂ કરવામાં આવેલ હતો.

૪. ચેક આરોપીના ખાતામાં અપૂરતા ભંડોળને કારણે પરત થયેલ હતો.

૫. ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરીયાદીએ ૩૦ દિવસની સમયમર્યાદામાં નાણાંની માંગણી કરતી લેખિત નોટીસ ચેક લખનાર (આરોપી) ને મોકલેલ હતી.

૬. આરોપીને આવી લેખિત નોટીસ મળી ગયેલ હોવાછતાં માંગણા નોટીસમાં જણાવ્યા મુજબ ચેકનાં નાંણા ૧૫ દિવસની સમય મર્યાદામાં આરોપીએ ફરીયાદીને ચુકવી આપેલા નથી.

વધુમાં, ધી નગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૧૮(એ) તથા કલમ–૧૩૯ અનુસાર ફરીયાદીની તરફેણમાં અનુમાન કરી શકાય તેવી જોગવાઈ છે. ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ ની કલમ–૧૧૮ (એ) ની જોગવાઈ અનુસાર જયાં સુધી

વિરૂધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી દરેક વટાઉખત અવેજના માટે કરી આપ્યાનું માની લેવામાં આવશે. તે જ રીતે, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ ની કલમ–૧૩૯ની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો, જયાં સુધી વિરૂધ્ધની હકિકત સાબિત ન થાય ત્યાં સુધી અનુમાન કરવામાં આવશે કે ચેકના ધારણકર્તાએ તે ચેક કલમ–૧૩૮ની જોગવાઈ અનુસાર તેમના કાયદેસરના દેવાં કે જવાબદારીની અંશત: અથવા પૂર્ણ ચુકવણી માટે મેળવવામાં આવેલ હશે. ઉપરોકત બંને કલમો હેઠળ ફરીયાદીની તરફેણમાં અનુમાન થઈ શકે. પરંતુ, બંને જોગવાઈઓમાં ''વિરૂધ્ધનું સાબિત ન થયા તો'' તેવાં શબ્દો પ્રયોજવામાં આવેલા છે એટલ કે આ બંને અનુમાનો ખંડિત થઈ શકે તે પ્રકારના અનુમાનો છે. વધુમાં ''વિરૂધ્ધ્નું સાબિત ન થાય'', તે શબ્દોના અર્થઘટન અનુસાર અનુમાનનું ખંડન સચોટ પુરાવાથી કરવાનું રહે છે અને આવા અનુમાનનું ખંડન કરવાનો બોજો આરોપીના શિરે રહે છે.

(૧૦) આ કામે આંક–૪ થી ફરીયાદીનુ પુરાવાનું સોગંદનામું વંચાણે લેવામાં આવે તો તેઓએ તેમની આંક–૧ ની ફરીયાદના સમર્થનમા અને તેને અનુરુપ સોગંદનામું આપેલ છે તથા આંક–૧૦ થી વાદગ્રસ્ત તકરારી ચેક રજુ કરેલ છે. જે ચેક તેઓએ બેંકમા જમા કરાવતા '' એકાઉન્ટ કલોઝ'' ના શેરા કારણે ચેક પરત ફરેલ હોવાનુ જણાવેલ છે. જે અંગે બેંક દ્રારા ફરીયાદીને જાણ કરવામાં આવેલ. જે ચેક રીટર્ન મેમો આંક–૧૩ થી રજુ કરેલ છે. તેમજ ચેક પરત ફરતા વકીલ મારફત નોટીસ મોકલેલ, જે નોટીસ આંક–૧૪ થી રજુ છે તથા આંક –૧૫ થી રજીસ્ટર એડી. મોકલ્યા અંગેની સ્લીપ તથા આંક–૧૬ થી ઓનલાઈન ટ્રેકીંગ સ્ટેટસ રજુ રાખેલ છે. આમ, નોટીસ બાદ

આરોપીએ નાણા ચુકવેલ ન હોઈ હાલની ફરીયાદ કરેલ હોવાનુ જણાયેલ છે. આમ, ફરીયાદી દ્રારા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની તમામ કાર્યવાહી કરેલ હોવાનુ ફલીત થાય છે.

બચાવપક્ષ તરફે ફરીયાદીની ઉલટ તપાસમા મહત્વની હકીકત બાબતે ફરીયાદી જણાવે છે કે, '' એ વાત ખરી છે કે હુ આ કામના ફરીયાદીને ઘણા સમયથી ઓળખુ છુ. સાહેદ જણવે છે કે હુ ફરીયાદીને સને ૨૦૦૮થી ઓળખુ છુ. હુ સ્કેપનો વેપાર કરુ છુ. એ વાત ખરી છે કે મેં મારૂ સરતપાસનુ સોગંદનામુ ગુજરાતી ભાષામાં રજુ કરેલ છે. સાહેદ જણાવે છે કે મને સોગંદનામાની હકીકત હિન્દી ભાષામાં સમજ આપેલી હતી. મેં આ કામના ફરીયાદી પાસેથી રૂપિયા ૧,૦૦,૦૦૦/– વ્યાજ ઉપર લીધા હતા. ત્યારે તેમને સીકયુરીટી પેટે એક ચેક આપેલો હતો. મેં ૨૦૧૩ ની સાલમાં જ એક વર્ષમાં રૂપિયા એક લાખની મુદલ તેમજ રૂપિયા ૩૬,૦૦૦/– વ્યાજની રકમ ફરીયાદીને ચુકવેલ હતાં. મેં ફરીયાદીને કુલ રૂ.૧,૩૬,૦૦૦/– ચુકવેલા હતા. મેં આ કહેવાતી રકમ વર્ષ ૨૦૧૩ની સાલમાં પાછુ આપવાનુ ચાલુ કરી દીધેલુ હતુ. એ વાત ખરી નથી કે મેં મારા સરતપાસના સોગંદનામામાં કહેવાતી રકમ રૂ.૧,૦૦,૦૦૦/– વ્યાજ ઉપર લીધેલ હોવાની હકીકત જણાવેલ નથી. એ વાત ખરી છે કે હુ કોઈપણ વ્યકિતને ચેક આપતો હતો ત્યારે તે ચેકબુકના કાઉન્ટર ફોલીયોમાં તેની નોંધ કરતો હતો. એ વાત ખરી છે કે મેં આ કામે આંક–૮૨થી આ કાઉન્ટર ફોલીયોની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. મેં આ કામના ફરીયાદીને ૫૦૫ નંબરનો ચેક આપેલો હતો. મને આજરોજ આંક–૮૨થી રજુ કાઉન્ટર ફોલીયોની

ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે છે તે જોઈને જણાવુ છુ કે ૫૦૫ નંબરનો ચેક તારીખ ૨૩/૦૩/૨૦૧૩ નો આપવામાં આવેલ છે. અને તેની સામે કોઈ રકમ લખવામાં આવેલી નથી. એ વાત ખરી છે કે આ સિવાયના જે તમામ ચેકો મેં આપેલા તે ચેક નંબરની નોંધ સાથે કેટલી રકમ હતી તેની નોંધ પણ કરેલ છે. મારે આ કામના ફરીયાદી સાથે કહેવાતા નાણા વ્યવહાર સિવાયના અન્ય કોઈ નાણાકીય વ્યવહાર થયેલા નથી. એ વાત ખરી છે કે મારા સરતપાસ સોગંદનામામા કે નોટીસના જવાબમાં મેં આ કામના ફરીયાદીને કયારે અને કેટલી રકમ વર્ષ ૨૦૧૩ની સાલમાં આપેલ છે તેવી હકીકત જણાવેલી નથી. એ વાત ખરી છે કે મેં કહેવાતી રકમ ફરીયાદીને ચુકવી આપેલ છે તે બતાવતો કોઈ આધાર પુરાવો આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે વર્ષ ૨૦૧૭ સુધી આ કામના ફરીયાદીને કહેવાતો તકરારી ચેક પરત લેવા માટે કોઈ કાર્યવાહી કરેલ નથી. મને આજ રોજ આંક-૮૪ અને ૮૫થી રજુ બતાવવામાં આવે છે તે જોઈને જણાવુ છું કે આ કામના ફરીયાદી સામે અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં તથા એસ.પી.સાહેબ, ભરૂચનાઓને લેખીત ફરીયાદ આપેલી છે તે જ છે. એ વાત ખરી નથી કે મેં મારો બચાવ કરવા માટે ફરીયાદી વિરુદધ આંક-૮૪ અને ૮૫ વાળી પોલીસ ફરીયાદ કરેલી હતી. એ વાત ખરી છે કે આંક-૮૩ થી ભાગીદારી પેઢી રજુ કરેલ છે તે તારીખ ૦૨/૦૪/૨૦૧૬ના રોજનુ છે. એ વાત ખરી છે કે મેં ચેક આપેલ તે ૨૦૧૩ના વ્યવહાર પેટે આપેલ છે. એ વાત ખરી નથી કે મારે કહેવાતા નાણા ફરીયાદીને આપવા ના પડે તે માટે વર્ષ ૨૦૧૬માં આ ભાગીદારી પેઢીનુ ડીડ બનાવેલ છે. એ વાત ખરી છે કે મેં સને ૨૦૧૩ ની સાલમાં કહેવાતો તકરારી ચેક

ફરીયાદીને આપ્યા બાદ અન્ય લોકો સાથે ચેકથી પણ વ્યવહાર કરેલા છે. એ વાત ખરી છે કે સને ૨૦૧૬માં ભાગીદારી પેઢી બનાવ્યા પહેલાં તેનુ નામ અજય એન્ટરપ્રાઈઝ હતુ. એ વાત ખરી છે કે મેં ફરીયાદીને જે ચેક આપેલો તે સીકયુરીટી પેટે આપેલો હતો. એ વાત ખરી નથી કે ફરીયાદીને રૂપિયા પરત આપવા ન પડે તે માટે આ ખોટી જુબાની આપુ છુ.

(૧૧) આ કામે ફરીયાદીએ તેમની ફરીયાદના સમર્થનમાં આંક– ૨૨ થી સાહેદને તપાસેલ છે. આ સાહેદ નવસર્જન ઈન્ડસ્ટ્રીયલ કો.ઓપરેટીવ બેંકમાં કેશીયર કમ કર્લક તરીકે ફરજ બજાવતા હતા તેમની સરતપાસ વંચાણે લેતા આ કામના તહોમતદારનું ચાલુ ખાતુ બેંકમાં આવેલ છે.જેના ખાતા નંબર ૩૩૪૧ છે. એન આ ખાતાધારકને ચેક બુક વસુલ કરવામાં આવેલ છે. તેમજ તકરારી ચેક નંબર ૧૦૦૫૦૫ તહોમતદારને ઈશ્યુ કરવામાં આવેલ જે ચેક કલીંયરીગ માટે આવેલ છે. અને અપૂરતા ભંડોળના કારણે પરત થયેલ છે. આ ચેકમાં તહોમતદારની સહી છે. જે ઓળખી બતાવે છે. અને આ ચેક તા. ૦૪/૦૭/૨૦૧૭ના રોજ પરત થયાનું જણાવે છે. આ ચેકમાં અજય એન્ટરપ્રાઈઝનો સિકકો તથા અજય એન્ટરપ્રાઈઝના પ્રોપરાઈટર તરીકે શ્યામલાલ બોરીયાએ સહી કરેલ છે.

બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, આંક–૧૦વાળી ચેકબુકના તમામ ચેકો સને ૨૦૧૩–૧૪માં પુરા થઈ ગયેલા. એ વાત ખરી છે કે, બેંકના ગ્રાહકનું સ્પોશમેન સીગ્નેચરનું રજી. હુ મેઈન્ટેઈન કરતો નથી. શ્યામલાલ રામપાલ બારૈયાનું આંક–૧૦વાળો ચેક બાઉન્સ થયો તે વખતે બીજુ ખાતુ તેના નામે ચાલી આવેલ કે કેમ? તેની મને ખબર નથી. એ વાતની

મને ખબર નથી કે આંક–૧૦વાળો ચેક બાઉન્સ થયો ત્યારે આરોપીએ અજય એન્ટરપ્રાઈઝનુ ખાતું બંધ કરાવેલ કે કેમ?

(૧૨) આ કામે આંક–૨૯ થી આરોપીનુ પુરાવાનું સોગંદનામું રજુ થયેલ છે. જેમા તેઓએ જણાવેલ છે કે, ફરીયાદની હકીકત ઉપજાવી કાઢેલ છે અને ચેકનો દુરૂપયોગ કરી વગેરે આક્ષેપો કરેલ છે.

ફરીયાદ પક્ષે આરોપીની ઉલટતપાસ કરતા તેમજ બચાવપક્ષ તરફે લેવામા આવેલ ઉલટ તપાસ વંચાણે લેતા,એ વાત ખરી છે કે, હું આ કામના ફરીયાદીને ઘણા સમયથી ઓળખુ છુ. સાહેદ જણાવે છે કે, હુ ફરીયાદીને સને ૨૦૦૮થી ઓળખુ છુ. હુ સ્કેપનો વેપાર કરુ છુ. એ વાત ખરી છે કે મે મારુ સરતપાસનુ સોગુદનામુ ગુજરાતી ભાષામાં રજુ કરેલ છે. સાહેદ જણાવે છે કે મને સોગંદનામાની હીકકત હિન્દી ભાષામાં સમજ આપેલી હતી. મેં આ કામના ફરીયાદી પાસેથી રૂપિયા ૧,૦૦,૦૦૦/– વ્યાજ ઉપર લીધા હતા. આ રકમ મે સને ૨૦૧૩ ની સાલમાં લીધી હતી. મેં ફરીયાદી પાસેથી ૧,૦૦,૦૦૦/– લીધા હતા. ત્યારે તેમને સીકયુરીટી પેટે એક ચેક આપેલો હતો. મેં ૨૦૧૩ની સાલમાં જ એક વર્ષમાં રૂપિયા એક લાખની મુદલ તેમજ રૂપિયા ૩૬,૦૦૦/– વ્યાજની રકમ ફરીયાદીને ચુકવેલ હતા. મેં ફરીયાદીને કુલ રૂ. ૧,૩૬,૦૦૦/ચુકવેલા હતા. મેં આ કહેવાતી રકમ વર્ષ ૨૦૧૩ની સાલમા પાછુ આપવાનુ ચાલુ કરી દીધેલુ હતુ. એ વાત ખરી નથી કે, મે મારા સરતપાસના સોગંદનામામાં કહેવાતી રકમ રૂ. ૧,૦૦,૦૦૦/– વ્યાજ ઉપર લીધેલ હોવાની હીકકત જણાવેલ નથી. એ વાત ખરી છે કે હું કોઈપણ વ્યકિતને ચેક આપતો હતો. ત્યારે તે ચેકબુકના કાઉન્ટર ફોલીયોમાં તેની નોંધ કરતો

હતો. એ વાત ખરી છે કે મે આ કામે આંક–૮૨થી આ કાઉન્ટર ફોલીયોની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. મેં આ કામના ફરીયાદીને ૫૦૫ નંબરનો ચેક આપેલો હતો. મને આજરોજ આંક–૮૨થી રજુ કાઉન્ટર ફોલીયોની ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે તે જોઈને જણાવુ છુ કે ૫૦૫ નંબરનો ચેક તારીખ ૨૩/૦૩/૨૦૧૩નો આપવામાં આવેલ છે અને તેની સામે કોઈ રકમ લખવામાં આવેલી નથી. એ વાત ખરી છે કે આ સિવાયના જે તમામ ચેકો મેં આપેલા તે ચેક નંબરની નોંધ સાથે કેટલી રકમ હતી તેની નોંધ પણ કરેલ છે. મારે આ કામના ફરીયાદી સાથે કહેવાતા નાણા વ્યવહાર સિવાયના અન્ય કોઈ નાણાકીય વ્યવહાર થયેલા નથી. એ વાત ખરી છે કે મારા સરતપાસના સોગંદનામામા કે નોટીસના જવાબમાં મેં આ કામના ફરીયાદીને કયારે અને કેટલી રકમ વર્ષ ૨૦૧૩ ની સાલમાં આપેલ છે તેવી હીકીકત જણાવેલી નથી. એ વાત ખરી છે કે મે કહેવાતી રકમ ફરીયાદીને ચુકવી આપેલ છે તે બતાવતો કોઈ આધાર પુરાવો આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે વર્ષ ૨૦૧૭ સુધી આ કામના ફરીયાદીને કહેવાત તકરારી ચેક પરત લેવા માટે કોઈ કાર્યવાહી કરેલ નથી. મને આજરોજ આંક–૮૪ અને ૮૫થી રજુ બતાવવામાં આવે છે તે જોઈને જણાવુ છુ કે આ કામના ફરીયાદી સામે અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં તથા એસ.પી સાહેબ, ભરૂચનાઓને લેખીત ફરીયાદ આપેલી છે તે જ છે. એ વાત ખરી નથી કે મેં મારો બચાવ કરવા માટે ફરીયાદી વિરુદઘ આંક–૮૪ અને ૮૫ વાળી પોલીસ ફરીયાદ કરેલી હતી. એ વાત ખરી છે કે આંક–૮૩ થી ભાગીદારી પેઢી રજુ કરુલ છે તે તારીખ ૦૨/૦૪/૨૦૧૬ના રોજનુ છે. એ વાત ખરી છે કે મેં ચેક આપેલ તે ૨૦૧૩ના વ્યવહાર પેટે આપેલ છે.

એ વાત ખરી નથી કે મારે કહેવાતા નાણા ફરીયાદીને આપવા ના પડે તે માટે વર્ષ ૨૦૧૬માં આ ભાગીદારી પેઢીનુ ડીડ બનાવેલ છે. સદર સાહેદને એવો સવાલ પુછવામાં આવેલ છે કે તમોએ જે ફરીયાદીને ચેક આપેલ તે ચેકનુ બેંક એકાઉન્ટ તા.૧૦/૦૫/૨૦૧૬ના રોજ બંધ કરાવેલ હતુ. તેના જવાબમાં તેઓ જણાવે છે કે, હુ બેંકમાં ગયો ત્યારે એવુ કહેવામાં આવેલ કે, આ ચેકો હવે બંધ થઈ ગયા છે. જેથી મેં મારુ ખાતુ બંધ કરાવી દીધેલુ. એ વાત ખરી છે કે મેં સને ૨૦૧૩ની સાલમાં કહેવાતો તકરારી ચેક ફરીયાદીને આપ્યા બાદ અન્ય લોકો સાથે ચેકથી પણ વ્યવહાર કરેલા છે. એ વાત ખરી છે કે સને ૨૦૧૬માં ભાગીદારી પેઢી બનાવ્યા પહેલા તેનુ નામ અજય એન્ટરપ્રાઈઝ હતુ. એ વાત ખરી છે કે મેં ફરીયાદીને જે ચેક આપેલો તે સીકયુરીટી પેટે આપેલો હતો. એ વાત ખરી નથી કે ફરીયાદીને રૂપીયા પરત આપવા ના પડે તે માટે આ ખોટી જુબાની આપુ છુ.

(૧૩) **<u>મુલ્યાંકન :–</u>**

આ કામે આંક–૪ થી ફરીયાદીની સોગંદ ઉપરની સરતપાસ તેમજ બચાવપક્ષ તરફે લેવામા આવેલ ઉલટ તપાસ વંચાણે લેતા, તેમજ ફરીયાદની હકીકત વંચાણે લેતા અને કામે રજુ થયેલ તકરારી ચેક આરોપીએ આપેલ હોવાનુ જણાય આવે છે. જે ચેક આ કામે આંક ૧૦ થી રજુ છે જેમા આરોપીની સહી છે. જે બાબતે કોઈ તકરાર લેવામા આવેલ નથી. કહેવાતો ચેક આરોપીના ખાતાનો છે જે ચેક ફરીયાદીએ તેમના ધી કાલુપુર કોર્મશીયલ કો. ઓપરેટીવ બેંક લી. અંકલેશ્વર શાખામાં ખાતામા રજુ કરતા સદર ચેક એકાઉન્ટ કલોઝના શેરા સાથે પરત થયેલ છે. જે રીટર્ન મેમો આ કામે આંક– ૧૨ થી રજુ

છે.ત્યારબાદ આરોપીને તા.૦૩/૦૮/૨૦૧૭ ના રોજ કાયદેસરની નોટીસ સમય માર્યાદાની અંદર મોકલાવેલ હોય અને તે નોટીસ પુરવાર કરવા માટે ફરીયાદીએ આંક – ૧૪ થી રજે થયેલ પોષ્ટ ખાતાની સફેદ પાવતી તેમજ આંક–૧૫ થી આર.પી.એડી.ની પાવતી રજુ કરેલ છે. જે ધ્યાને લેતા આરોપીને ફરીયાદમા જણાવેલ સરનામા ઉપર નોટીસ બજી ગયેલ છે. આરોપીને નોટીસ બજી જતા આરોપીએ નોટીસનો જવાબ તથા પ્રતિ નોટીસ તારીખ ૧૮/૦૮/૨૦૧૭ના રોજ ફરીયાદીને મોકલી આપેલ છે.

બચાવપક્ષનો એવો બચાવ છે કે, આરોપીએ ફરીયાદી પાસેથી રૂપિયા ૧,૦૦,૦૦૦/– ૩%ના વ્યાજે વર્ષ ૨૦૧૩ની સાલમાં લીધેલા હતા જે રકમ તેઓએ વ્યાજ સહિત ચુકવી આપેલ છે અને કહેવાતી રકમ રૂપિયા ૧,૦૦,૦૦૦/– આપતી વખતે ફરીયાદીએ એક સીકયુરીટી પેટે ચેક લીધેલ જેમાં ફકત સહી કરાવી બાકીના કોલમ કોરા/બ્લેક રાખેલ હતા. જે ચેક આરોપી દવારા પરત લેવા પ્રયત્ન કરવા છતાં તે ચેક ફરીયાદીને મળી આવેલ ન હોય ફરીયાદીએ ચેક આરોપીને પરત આપેલ નથી.

(૧૪) બચાવપક્ષ તરફે ફરીયાદની મુળ હકીકત ખંડન કરવા માટે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે જેમા આંક–૮૦ થી આંક–૮૫ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તેમજ, આરોપીએ સોગંદ ઉપરની જુબાની આંક – ૨૯ થી રજુ કરેલ છે. ફરીયાદીની ઉલટ તપાસમાં કહેવાતી હાથ ઉછીની રકમ બાબતે સવાલ પુછવામા આવેલ છે જેમા કહેવાતી રકમ ફરીયાદીએ આરોપીને આપેલ હોય તે અંગેની કોઈ નોંધ કરવામાં આવેલ હોય તેના દસ્તાવેજ

રજુ કરવા બાબતે ફરીયાદીને પુછતા તેઓએ આવી કોઈ નોંધ રજુ કરેલ નથી. બચાવપક્ષ તરફથી ફરીયાદીએ જે નોંધ કરી હતી તેના દસ્તાવેજ કોર્ટમાં ફરીયાદીને રીફર કરાવતા તે દસ્તાવેજ આંક–૧૭ થી દાખલ થયેલ છે. આ દસ્તાવેજમા ફરીયાદીની કોઈ સહી નથી તેમજ પ્રજ્ઞેશ ઈન્જીનીયરીંગ પ્રા. લી. નો કોઈ સિકકો નથી તેમજ ફરીયાદી એ હકીકત સ્વિકારતા નથી કે ચેક વાળો કેસ શાહુકારના ધંધા અંગેનો છે.

આ કામના આરોપીએ તેમના બચાવમાં જે દસ્તાવેજ રજુ કરેલ છે તેમા આંક–૮૪ થી અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પો.સ્ટે.માં આ કામના ફરીયાદી વિરુધ્ધ લેખીત ફરીયાદ હાલના આરોપીએ કરેલ છે જે વંચાણે લેતા કહેવાતો તકરારી ચેક હાલના આરોપીને પરત ન મળતા તેઓ ફરીયાદીની ઓફીસથી તેમના પુત્ર તેમજ અન્ય સાક્ષીઓ હાલના ફરીયાદીના ઓફીસ પરથી ખાલી હાથે પાછા ફરી ગયેલ હોવાની હકીકત જણાવે છે.

આ કામના આરોપીએ નોટીશનો જવાબ તા.૧૮/૦૮/૨૦૧૭ ના રોજ આપેલ છે. જે આ કામે આંક–૧૬ થી રજુ છે. તેના પેરા નં.૬ ની હકીકત વંચાણે લેતા તેઓએ આ કામના ફરીયાદી પાસેથી વર્ષ ૨૦૧૩ ની સાલમાં રૂ.૧,૦૦,૦૦૦/– ત્રણ ટકાના વ્યાજે લીધેલ હોવાની હકીકત સ્વીકાર કરેલ છે. તેમજ એક સીકયોરીટી પેટે ચેક આપવામાં આવેલ હોય. જેમાં ફકત સહી કરી બાકીની કોલમ કોરી રાખી ફરીયાદીને આપેલ હોય અને રૂ.૧,૦૦,૦૦૦/– ની રકમ ચુકવી આપ્યા બાદ ચેક પરત માંગતા "હાલ મળી આવતો નથી" અને "મળશે તો ઘરે પહોચતો કરી દઈશ" તેવુ જણાવેલ છે.

વધુમાં, બચાવપક્ષ તરફે આંક–૮૦ થી અજય એન્ટરપ્રાઈઝના ખાતાનો ઉતારો રજૂ કરેલ છે. જે તા.૦૧/૦૪/૨૦૧૨ થી ૩૧/૦૩/૨૦૧૫ સુધીનો છે. તેમાં પેજ નં.૨ પરની તા.૨૩/૦૧/૨૦૧૩ થી તા.૧૮/૦૭/૨૧૪ સુધીનુ એન્ટ્રીઓ ઉપર કોર્ટનુ ધ્યાન દોરવામાં આવે છે. જેમાં ચેક નં.૧૦૦૫૦૧ થી ૧૦૦૫૪૨ સુધીના ચેક નંબરની એન્ટ્રીઓ છે અને માત્ર તકરારી ચેક નં.૧૦૦૫૦૫ ની કોઈ નોંધ નથી. આથી બચાવપક્ષ એવુ પુરવાર કરવા માંગે છે કે, કહેવાતો તકરારી ચેક વર્ષ–૨૦૧૩ ની સાલમાં તહોમતદારે ફરીયાદીને આપેલ છે અને આ ખાતાના ઉતારાથી એવુ સાબીત કરવા માંગે છે કે તહોમતદારે પ્રથમથી જે બચાવ લીધેલ છે તે મુજબ તહોમતદાર અને ફરીયાદી વચ્ચેનો કહેવાતો વ્યવહાર વર્ષ–૨૦૧૩ નો છે અને જે તે સમયે તહોમતદારે જે રકમ ફરીયાદી પાસેથી વ્યાજ ઉપર લીધી હતી તે ફરીયાદીને ચુકવી આપેલ છે પણ ફરીયાદીએ વર્ષ–૨૦૧૩ ની સાલમાં સીક્યોરીટી પેટે જે ચેક તહોમતદાર પાસેથી લીધેલ છે તેનુ વર્ષ–૨૦૧૭ ની સાલમાં દુરપયોગ કરેલ છે. વધુમાં તહોમતદાર તરફે આંક–૮૨ થી નવસર્જન ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ. બેંક લી. એકાઉન્ટ નં.૩૩૪૧ ચેક નં.૧૦૦૫૦૧ થી ૧૦૦૫૨૫ ના ચેકબુકની રેકર્ડ સ્લીપ રજૂ કરેલ છે. તેમાં તા.૨૩/૦૩/૨૦૧૩ ના રોજ ચેક નં.૫૦૫ આ કામના ફરીયાદીને આપવામાં આવેલ છે તેની નોંધ કરવામાં આવેલ છે. બચાવપક્ષના વિ.વકિલશ્રી નુ એવુ પણ કથન છે કે આરોપી ભણેલા નથી તેઓને માત્ર સહી કરતા આવડે છે અને થોડુ તુટેલી ભાષામાં લખતા આવડે છે.

બચાવપક્ષ તરફે અંકલેશ્વર જી.આઈ. ડી.સી. પો.સ્ટે.માં તેમજ જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી ભરૂચ મુકામે ફરીયાદ કરવામાં આવી છે જે આ કામે આંક–૮૪ અને ૮૫ થી રજૂ છે. આ ફરીયાદ તા.૨૨/૦૬/૨૦૧૮ ના રોજ કરવામાં આવી હતી. ત્યારબાદ આંક–૮૩ થી બંને પક્ષકારો વચ્ચે ભાગીદારી પેઢીનો કરાર છે.

(૧૫) એન.આઈ.એકટની કલમ–૧૩૯ અને ૧૧૮ મુજબ જે અનુમાન કરવામાં આવે છે તે અનુમાનનુ ખંડન બચાવપક્ષ પુરાવો રજુ કરે અથવા ફરીયાદીના રજુ થયેલ પુરાવા ખંડન કરી પોતાનો બચાવ કરી શકે છે. હાલના કેસમાં તહોમતદારે નોટીસનો જવાબ આપી પ્રથમથી જ તેમનો બચાવ સ્પષ્ટ રીતે જણાવેલ છે અને તેના સમર્થનમાં આંક–૮૦ થી ૮૫ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. ઉપર ચર્ચા કરી તે મુજબ તહોમતદારે માત્ર શંકા ઉપજાવી ફરીયાદ હકીકતનું ખંડન કરવાનુ રહે છે અને ત્યારબાદ પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર શીફટ થતો હોય છે અને તહોમતદારનો બચાવ ખોટો છે તે ફરીયાદીએ પુરવાર કરવાનુ રહે છે. હાલના કેસમાં કહેવાતા વ્યવહાર બાબતે જે શંકા બચાવપક્ષે ઉપજાવેલ છે તેના સમર્થનમાં તેઓએ પોતે આંક–૨૯ થી સોગંદ ઉપર જુબાની રજુ કરી તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરી પોતાના બચામાં જણાવેલ હકીકતનુ પુરતુ સમર્થન આપેલ છે ત્યારબાદ ફરીયાદપક્ષ ધ્વારા એવો કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી જેનાથી એવુ પુરવાર થાય કે, તહોમતદારનો જે બચાવ છે તે ખોટો છે. એ હકીકત નિર્વાદીત છે કે આં ક–૧૦ થી રજુ થયેલ તકરારી ચેક આરોપીના ખાતાનો છે જેમાં આરોપીની સહી છે. પણ આ ચેક ફરીયાદી પાસે કેવી રીતે અને કયા સંજોગોમાં આપવામાં આવેલ છે તે બાબતે બચાવપક્ષ

જે હકીકત રેકર્ડ ઉપર લાવે છે તેનાથી એવુ પુરવાર થાય છે કે ફરીયાદીએ કહેવાતો ચેક વર્ષ–૨૦૧૩ ની સાલમાં મેળવેલ તેનો વર્ષ–૨૦૧૭ ની સાલમાં કોઈ પણ કાયદેસરનુ લેણુ ન હોવા છતા માત્ર તહોમતદારને હેરાન પરેશાન કરવા માટે અને આર્થિક રીતે નુકશાન કરવા માટે કહેવાતા સીકયોરીટી પેટેના ચેકનો દુરપયોગ કરેલ છે. ફરીયાદીની ફરીયાદની હકીકત ઉપર વ્યાજબી શંકા જણાઈ આવે છે તેવા સંજોગોમાં ફરીયાદી તેમનો કેસ નિશંકપણે પુરાવાર કરી શકતા ન હોય અને બચાવપક્ષ તરફે જે પુરાવો રજુ કરવામાં આવે છે તે પ્રોબેબલ ડીફેન્સ છે જેને ન માનવાનુ કોઈ વ્યાજબી કારણ જણાઈ આવતુ નથી અને જયારે ફરીયાદની હકીકત નિશંકપણે પુરવાર થતી ન હોય તેવા સંજોગોમાં શંકાનો લાભ આરોપીને મળે છે. આમ, ઉપરોકત તમામ હકીકત અને સંજોગો ધ્યાને લેતા તેમજ બંને પક્ષો તરફે રજુ થયેલ મૌખીક દલીલ તેમજ મૌખીક રજુઆતો ધ્યાને લેતા અને પક્ષકારો તરફે રજુ થયેલ દલીલના સમર્થનમાં નામ.અદાલતના ચુકાદો વંચાણે લેતા, મુદા નં.૧ નો જવાબ **નકારમાં** આપી મુદા નં.ર માટે નીચે મુજબનો હુકમ કરુ છુ.

– : : હુકમ : : –

(૧) આ કામના આરોપી **શ્યામલાલ રામપાલ બોરીચા** રહે : (૧) પટેલપાર્ક, ભડકોદરા, તા. અંકલેશ્વર જી.ભરૂચ. (ર) પ્લોટ નં. ર૫૧, સિધ્ધી એન્ટરપ્રાઈઝ, જીઆઈડીસી અંકલેશ્વર નાઓને ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ ર૫૫(૧) અન્વયે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ

એકટની કલમ ૧૩૮ મુજબના ગુનાના કામે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીએ અપીલ સમય સુધીના જુના જામીન ચાલુ રાખવા પુરસીસ આપવી અન્યથા નવા જામીન રજુ કરવા.

હુકમ તા.૩૦ , માહે –જૂન, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : અંકલેશ્વર
તારીખ :૩૦/૦૬/૨૦૨૬

(વી.વી.શુકલા)
ત્રીજા એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અંકલેશ્વર
(જજ કોડ નંબર : GJ01343)

GUJ. STENO - P.J.PANARA